CC 49979/2018

**–:: ઠરાવ::–**

૦૧. આરોપી હાજર થતા રૂબરુ પુછતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે . આરોપીને તેની સામેના ગુનાની સજાની જોગવાઈ અને દંડની સજા કરેલ તેમ છતાં આરોપી તેની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે અને જણાવે છે કે તેમનો પ્રથમ ગુનો છે અને તેઓ ગરીબ અને બાલ બચાવાળા માણસ છે. કુટુંબની જવાબદારી તેમનાં શીરે છે. ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેની ખાતરી આપે છે. તેવી દયા બતાવી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

૦૨. આરોપીને કબુલાત સ્વૈચ્છીક હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ કોઈ ગુનાની કાયદાથી નિયત થયેલ ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી સજા આરોપીને સમય સંજોગો અને પરિસ્થિતિને ધ્યાને લઈ મેજીસ્ટ્રેટશ્રી કરી શકે છે. આ કેસમાં આરોપીની રજુઆત લક્ષમાં લઈ તથા ના.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો–૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરિચન્દ્ર ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેછે.

**–:: હુકમ ::–**

આરોપીને ઈન્ડીયન રેલ્વે એકટ ૧૯૮૯ની કલમ ૧૪૪(A) અન્વયે રૂ.૧૦૦/ ( અંકે રૂપિયા સો પુરા ) નો દંડ અને જો દંડની રકમ ન ભરે તો દિન ૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચીને જાહેર કર્યો.

તારીખઃ–૩૦/૦૫/૧૮

એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર– ૫, અમદાવાદ